જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૯/૧૨/૨૦૨૩   શનિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૧૯૮૧/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૬ કેસ કરી, ૪૪ વ્યક્તિઓને ઝડપી, ૨૩૩ લીટર દેશી દારૂ, ૧૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૨૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧૧ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૩૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૧૯૮૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૯૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઉચાપતઃ-  સમાચાર યાદી નં.૧૯૮૩/૨૦૨૩

**નિકોલ**ઃ કનુભાઇ વાલજીભાઇ કાપડીયા (ઉ.વ.૫૨) (રહે. એક્લેટ હાઇટસ ગંગોત્રી સર્કલ પાસે નવા નિકોલ) એ તા.૦૮/૧૨/૨૦૨૩ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે નિકોલ ગામ રોડ ડાયમંડ મીલ પાસે સરદાર મોલમાં બી/૫૩ ખાતે પલ્લુ ઇન્ટરનેશનલ નામની કનુભાઇ કાપડીયાની ઓફીસ ખાતે નોકરી કરતા રાહુલ જીતેન્દ્રભાઇ મિસ્ત્રી (રહે. રાધે ઇન્ટરનેટીવ નાયરા પેટ્રોલ પંપની બાજુમાં વટવા રીંગ રોડ) એ સને-૨૦૧૭ થી માહે ડિસેમ્બર ૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન રૂપિયા ૨૫,૦૦,૦૦૦/- ઉચાપત કરી હતી. તે પૈકી રૂપિયા ૧૩,૮૭,૦૦૦/- પરત આપી બાકી રહેલ નાણાં ૧૧,૧૩,૦૦૦/- પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.વી.પીપરોતર ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૯૮૪/૨૦૨૩**

**ઘાટલોડીયાઃ** મૌલીકભાઇ હર્ષદભાઇ મોદી (રહે. અંબિકા એપાર્ટમેન્ટ ખેતી બેંક સામે ૧૩૨ ફુટ રીંગ રોડ શાસ્ત્રીનગર નારણપુરા) એ તા.૦૮/૧૨/૨૦૨૩ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૧૧/૨૦૨૩ કલાક ૨/૦૦ થી કલાક ૩/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાની સ્ટોપર ખોલી આજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી મોબાઇલ ફોન નંગ-૩, સોનાની ચેઇન અને રોકડ રૂપિયા ૧૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૮,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.બારૈયા ચલાવે છે.

**દઝી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૯૮૫/૨૦૨૩**

**અમરાઇવાડીઃ** અમરાઇવાડી શિવાનંદનગર ખાતે રહેતા દુર્ગેશભાઇ ઉર્ફે પપ્પુ પ્રજાપતિ નાઓનો એક વર્ષનો પુત્ર દિવ્યાંશ તા.૦૪/૧૨/૨૦૨૩ ના રોજ રમતા-રમતા ગેસની સગડી નજીક જતા સગડી ઉપર મુકેલ ગરમ પાણીની તપેલી તેની ઉપર પડતા દાઝી ગયો હતો. સારવાર માટે તેને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૭/૧૨/૨૦૨૩ રાતના ૧૧/૫૦ વાગે તેનું મૃત્યું નિપજયું હતું. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ જીવણભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૯૮૬/૨૦૨૩**

**મેઘાણીનગરઃ** નિશાબહેન માયારામ ચૌધરી (ઉ.વ.૨૩) (રહે. મથુરાસિંગની ચાલી ગુરુકૃપાનગર પાણીની ટાંકી ભાર્ગવ રોડ મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૦૮/૧૨/૨૦૨૩ સાંજના ૬/૩૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે લોખંડની પાઈપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડીવીઝન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી